# 7 ભારતના નામાંકિત ચિત્રકારો

## 1 શ્રી રાજા રવિ વર્મા (ઈ.સ. 1848થી ઈ.સ. 1906)

સિદ્ધહસ્ત ચિત્રકારો મહાન સાધકો ગણાય છે. યુગદૃષ્ટા અને યુગપુરુષ તરીકે તેમણે રચેલી કૃતિઓ સમાજમાં પરિવર્તન લાવવાનું કામ કરે છે. ચિત્રકાર તત્કાળ સમાજમાં જ ઉછરે છે, તેથી તેમની કૃતિની તત્કાળ સમાજનાં સારાં-નરસાં પાસાંઓની અસર મહદંશે જોવા મળે છે. છતાં ઊંચી કક્ષાના ચિત્રકારો પોતે અંતર-મનનાં ઝણકારને પામીને પોતાની કૃતિઓ તૈયાર કરે છે. તે ચિત્રકારને અને ચિત્રાંકનને અમરતા બક્ષે છે.



શ્રી રાજા રવિ વર્માનો જન્મ ઈ.સ. 1848માં કેરળ રાજ્યના કિલિમન્નુર ગામમાં એક રાજવી પરિવારમાં થયો હતો. રાજવી કુટુંબના સભ્ય હોવાથી તેઓ રાજા રવિ વર્મા તરીકે ખ્યાતિ પામ્યા છે.

તેમણે તો શરૂઆતમાં શ્રી રામસ્વામી નાયડુજી પાસે અને પછી થિયોડોર જેન્સન નામના અંગ્રેજ કલાકાર પાસેથી કલાનું શિક્ષણ લીધું હતું. તેથી તેમણે તૈયાર કરેલાં ચિત્રોમાં પશ્ચિમની કલાની અસર જોવા મળે છે.

મનુષ્યની આકૃતિઓને આલેખવાની તેમની કલાસૂઝની યુરોપિયન ચિત્રકારોએ પણ ઘણી પ્રશંસા કરી હતી.

તેમણે વેદો, પુરાણો, મહાભારત જેવાં ધર્મગ્રંથો આધારિત પ્રસંગોને અનુરૂપ ચિત્રો તૈયાર કર્યાં. શાકુંતલ, રઘુવંશ જેવા સંસ્કૃત ગ્રંથોમાંથી પ્રસંગોને આધારિત તૈયાર કરેલાં તૈલચિત્રો ખૂબ જ ખ્યાતિ પામ્યાં છે. તેમનાં ચિત્રો વાસ્તવદર્શી છે. એમણે દોરેલાં દેવ-દેવીઓનાં ચિત્રો લોકોનાં દેવ-મંદિરો અને ઘરોમાં પૂજાના સ્થાને ગોઠવાયાં હતાં. તેમણે દોરેલાં લક્ષ્મી, સરસ્વતી, દ્રૌપદી જેવાં ચિત્રો જે-તે દેવ-દેવીઓની ઓળખસમાં પ્રતીકો આજે પણ લોક-સ્વીકૃત બન્યાં છે.

ભારતના નકશા સાથે આલેખાયેલું **'ભારત માતા'**નું ચિત્ર તેમની યાદગાર કૃતિ છે. વ્યક્તિ વિશેષ ચિત્રો આલેખવામાં તેમની સિદ્ધિ અનન્ય હતી. તેમનાં ચિત્રોમાં પાશ્ચાત્ય શૈલીનો પ્રભાવ હોવાથી ભાવોનું નિરૂપણ કરતાં ટેક્નિકનું પ્રાધાન્ય વધારે જોવા મળે છે.

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને નિમંત્રણ આપીને રાજ-કુટુંબની વ્યક્તિઓનાં ચિત્રો તૈયાર કરાવ્યાં હતાં. સાથે-સાથે કેટલાંક પૌરાણિક પ્રસંગોનાં ચિત્રો પણ બનાવડાયાં હતાં.

તેમનાં જાણીતાં ચિત્રોમાં વિરાટનો દરબાર, સરસ્વતીદેવી, અહલ્યા, પોટ્રેટ ઑફ લેડી, જટાયુવધ, હંસા દમયંતી, લેડી હૉલ્ડિંગ અ ફ્રુટ, શકુંતલા, પુરુરવા અને ઉર્વશી જેવાં પાત્રોનાં ચિત્રો તથા ભરત અને નળ-દમયંતી જેવાં પૌરાણિક વાર્તા આધારિત ચિત્રોએ તેમને પ્રસિદ્ધિ અપાવી છે.

તેમનાં ચિત્રોનો મોટો સંગ્રહ ત્રિવેન્દ્રમના સંગ્રહાલયમાં અને વડોદરાની ફતેસિંહરાવ આર્ટ ગેલેરીમાં સંગ્રહીત થયેલાં છે.

એમનું અવસાન ઈ.સ. 1906માં થયું હતું.



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'સરસ્વતી દેવી'



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'અહલ્યા'




ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'જટાયુ વધ'



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'રામ-વરુણદેવ'





ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'હંસા દમયંતી' ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'લેડી હૉલ્ડિંગ અ ફ્રુટ'




ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા



ચિત્રકાર : શ્રી રાજા રવિ વર્મા 'પોર્ટ્રેટ ઑફ લેડી'

# 2 શ્રી રવીન્દ્રનાથ ટાગોર (ઈ.સ. 1861થી ઈ.સ. 1941)

કોલકાતામાં સ્થાપેલી સંસ્થા 'શાંતિનિકેતન'ને સાહિત્ય, સંગીત, નૃત્ય અને ચિત્રકલા જેવી વિવિધ કળાઓનું સંસ્કારતીર્થ બનાવનારા મહાન સાહિત્યકાર અને ચિત્રકાર શ્રી રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ ઈ.સ. 1861માં થયો હતો.



ઈ.સ. 1923માં ગીતાજંલી નામના મહાકાવ્ય માટે નૉબેલ પારિતોષિક મેળવીને આપણા દેશને ગૌરવ અપાવનારા મહાન સર્જક કવિવર રવીન્દ્રનાથ ટાગોર એક પ્રતિભાવંત ચિત્રકાર પણ હતા.

ઈ.સ. 1928માં 67 વર્ષની વયે તેમણે ચિત્રનું સર્જન કરવાનું શરૂ કર્યું અને ભારતીય તેમજ પાશ્ચાત્યકલામાં પરંપરાઓમાંથી મુક્ત રહીને ભારતીય ચિત્રકલાને એક નવો માર્ગ બતાવ્યો. તેથી તેઓ ભારતીય આધુનિક ચિત્રકલાના ભીષ્મ પિતામહ ગણાય છે. તેમણે ઈ.સ. 1928થી ઈ.સ. 1940 સુધી લગભગ 12 વર્ષના ગાળા દરમિયાન 2000 કરતાં પણ વધારે ચિત્રોનું સર્જન કર્યું છે.

તેમણે લખ્યું છે કે, મારા જીવનનું પ્રભાત મધુર ગીતોથી શરૂ થયું હતું. હવે ભલે મારા જીવનની સંધ્યા રંગોથી સભર રહે.



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ચિત્રકલાની પદ્ધતિસરની તાલીમ લીધી ન હતી. પરંતુ તેમનું હૃદય સંવેદનશીલ હતું. તીવ્ર સંવેદના અને અંત:પ્રેરણા એમની સર્જનાત્મક અભિવ્યક્તિનું પ્રેરક બળ રહ્યું હતું.

તેમનાં ચિત્રોમાં રેખાઓની ગતિ, રંગોમાં તાજગી અને નિરૂપણમાં ભાવ જણાઈ આવે છે. તેમનાં ચિત્રોની વિષય-વસ્તુ આત્મ-ખોજની મૂર્ત અભિવ્યક્તિ છે.

ઈ.સ. 1930માં તેમનાં ચિત્રોનું પ્રદર્શન પૅરિસમાં થયું હતું. ત્યાં તેમને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું. એ પછી તો કોલકાતા અને મુંબઈમાં એમનાં ચિત્રો પ્રદર્શિત થયાં. તેમનાં પ્રખ્યાત ચિત્રોમાં પોટ્રેઈટ ઑફ વુમન, માતૃપ્રેમ, સ્ત્રીનું હેડ, લેડી વિથ ફ્લાવર વગેરે છે.

તેમનાં ચિત્રો શાંતિનિકેતનમાં 'રવીન્દ્રનાથ ટાગોર ભવન' કોલકાતા અને દિલ્લીની 'નેશનલ ગૅલેરી ઑફ મૉડર્ન આર્ટ'માં સંગ્રહીત છે. એમનું અવસાન ઈ.સ. 1941માં થયું હતું.



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'સ્ત્રીનું હેડ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'માતૃપ્રેમ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'લેડી વિથ ફ્લાવર'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'અનટાઈટલ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'પ્રાણી'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'પ્રાણીઓ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'સ્ત્રી વૃંદ'



ચિત્રકાર : શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'લૅન્ડસ્કેપ'

# 3 શ્રી અવનીન્દ્રનાથ ટાગોર (ઈ.સ. 1871થી ઈ.સ. 1951)



શ્રી અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મ ઈ.સ. 1871માં બંગાળમાં થયો હતો. તેમણે ભારતીય ચિત્રશૈલી, અજંતાની ચિત્ર-વિધાન પદ્ધતિ, તાંજોરની કલા તથા ચાઈનિઝ, જાપાનિઝ અને મોગલકલાનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો. તેમણે કેટલાંક પાશ્ચાત્ય ચિત્રકારોનું માર્ગદર્શન મેળવીને ચિત્રોનું સર્જન કરવામાં તેમણે આગવી ચિત્ર-વિધાન પદ્ધતિઓનું નિર્માણ કર્યું.

અવનીદ્રનાથ ટાગોરને અર્વાચીન ભારતીય કલાના પિતા (Father of Modern Indian Painting) ગણવામાં આવે છે. જાપાનિઝ વૉશ મૅથડથી દોરેલાં ચિત્રોમાં વિષયની ગહનતા અને પાત્ર-નિરૂપણમાં ભાવવાહિતા ધબકતી જોવા મળે છે.

તેઓ **બંગાળ સ્કૂલ ઑફ આર્ટના** સ્થાપક હતા. ભારતના ઘણા ચિત્રકારોએ તેમની પાસેથી કલાનું શિક્ષણ લીધું હતું. તેમના કલાકાર-શિષ્યો દ્વારા સર્જિત ભારતીય ચિત્રકલાને માનભર્યું સ્થાન પ્રાપ્ત થયું છે. મોગલ-કલા તથા રાજપૂત-કલાનાં સારાં તત્ત્વોનો સમન્વય કરીને પોતાની આગવી રીતે ચિત્રોનું સર્જન કરી ભારતીય ચિત્રકલાને નવી દિશાનું સૂચન કર્યું છે.

એમના પ્રિય શિષ્ય શ્રી નંદલાલ બોઝે **શાંતિનિકેતન**ને ભારતીય ચિત્રકલાનું અગ્રગણ્ય કેન્દ્ર બનાવ્યું. એ સમયે જે ચિત્રશૈલી અમલમાં આવી તે **બંગાળ સ્કૂલ ઑફ આર્ટ** શૈલી તરીકે પ્રસ્થાપિત થઈ અને જગતભરમાં પ્રખ્યાત થઈ.

તેમનાં પ્રખ્યાત ચિત્રોમાં મુસાફરીનો અંત, અવની, ભારતમાતા, રાધિકા, ડિપાર્ચર ઑફ સિદ્ધાર્થ, કમળપત્રમાં અશ્રુબિન્દુ વગેરે છે. એમનું અવસાન ઈ.સ. 1951માં થયું હતું.




**ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર** **'કાશ્મીર કૂચ'**



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર

'મુસાફરીનો અંત'



'અવની'



'ભારતમાતા'

ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર 'કાશ્મીર'



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર



ચિત્રકાર : શ્રી અવનીન્દ્રનાથ ટાગોર 'શિવ'

# 4 શ્રી નંદલાલ બોઝ (ઈ.સ. 1883થી ઈ.સ. 1966)



શ્રી નંદલાલ બોઝનો જન્મ ઈ.સ. 1883માં બિહાર રાજ્યના મોંઘીર જિલ્લાના ખડગપુર ગામમાં થયો હતો.

કોલકાતાની કલાશાળામાં કલાગુરુ શ્રી અવનીન્દ્રનાથ ટાગોર પાસેથી તેમણે કલાનું શિક્ષણ મેળવ્યું હતું.

ગુરુદેવ શ્રી રવીન્દ્રનાથ ટાગોરના પરિચયમાં આવીને શાંતિનિકેતનમાં કલાના અધ્યાપક તરીકે રહીને અનેક નવોદિત કલાકારોને તાલીમ આપી તથા પોતે પણ કલાની સાધના ચાલુ રાખી.

કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરની ગીત-પુસ્તિકા (The collected Poems of Ravindranath Tagore)ને ચિત્રાંકિત કરવાનો સુયશ તેમને સાંપડ્યો છે.

સરકારી કલાશાળાના આચાર્ય હેવલની પ્રેરણાથી તેમણે **ઈન્ડિયન સોસાયટી ઑરિએન્ટલ આર્ટ** નામની સંસ્થામાં અધ્યાપક તરીકે સેવાઓ આપી.

તેઓ રાષ્ટ્રીય લલિતકલા ઍકેડેમીના સૌપ્રથમ સન્માનીય સભ્ય હતા. રાષ્ટ્રીય કક્ષાએ મહામહિમ રાષ્ટ્રપતિના વરદહસ્તે **પદ્મવિભૂષણ** તરીકે સન્માનિત થયા.

બંગાળની રોયલ એશિયાટિક સોસાયટીએ તેમને **રવીન્દ્રનાથ જન્મ-શતાબ્દી પદક** આપીને બહુમાન કર્યું. મહાત્મા ગાંધી પણ કલાવિષયક નિર્ણયોમાં તેમનો નિર્ણય પ્રમાણભૂત ગણતા અને તેમના પ્રત્યે આત્મીય ભાવ રાખતા.

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર સાથે તેમને ચીન, જાપાન જવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. અજંતા શૈલીનાં ચિત્રોની નકલ કરવામાં અશિતકુમાર હલદર સાથે તેમણે કામ કર્યું. તેઓ એક સિદ્ધહસ્ત રેખાંકનકાર હતા. તેમની રેખામાં તરલતા, જોશ, તાકાત અને ભાવ-અભિવ્યક્તિ જોવા મળે છે.

અજંતાની કલાનાં ભીંતચિત્રોની જેમ રંગો એકબીજામાં ધુમ્મસની જેમ ભળી જાય છે. તેમણે તેમનાં ચિત્રોમાં ભારતીય રંગોની પદ્ધતિ અખત્યાર કરી હતી. અજંતાની સ્ત્રીઓની અંગભંગિમા અને અલંકરણોની જેમ શ્રી નંદબાબુએ તેમની ચિત્રોની શૈલીમાં પણ તેવી આભા ઉપસાવી છે. તેમની શૈલી પૂર્ણતઃ વર્ણનાત્મક રહી છે.

શ્રી જગદીશચંદ્ર બોઝે સ્થાપેલી સંસ્થા **ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ**ની દીવાલો ઉપર તેમજ વડોદરાના કીર્તિમંદિરની દીવાલો ઉપર દોરેલાં તેમનાં ચિત્રો તેમની કલાસૂઝનો પરિચય કરાવે છે.

તેમના પ્રખ્યાત ચિત્રોમાં કલાસાગર, અભિસારિકા, શિવનું વિષપાન, પાર્થસારથી, યમ-સતી, શિવ-પાર્વતી, કાલિમાતા, ગરુડ, દુર્ગા, શિવ-અન્નપૂર્ણા દશરથનું અવસાન, અહલ્યાનો ઉદ્ધાર વગેરે ખ્યાતનામ ચિત્રો તેમની કલાના ઉત્તમ નમૂનાઓ છે.


એમનું અવસાન ઈ.સ. 1966માં થયું હતું.



'શિવ-અન્નપૂર્ણા'



'કલાસાગર'




'અભિસારિકા'

ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ



'પાર્થસારથી'



'શિવનું વિષપાન'

ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ




ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'ઢોલવાદક'



ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'સંગીત'



ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'સતી'



ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ 'યમ-સતી'

# 5 શ્રી જેમિની રૉય (ઈ.સ. 1887થી ઈ.સ. 1972)



શ્રી જેમિની રૉયનો જન્મ પશ્ચિમ બંગાળના બાંકરા જિલ્લાના બેલિયાતોડા નામના ગામમાં મધ્યમવર્ગીય જમીનદાર પરિવારમાં ઈ.સ. 1887માં થયો હતો. બાલ્યકાળમાં ચિત્ર પ્રત્યેની રુચિ જોઈને તેમના પિતાએ બંગાળની એક કલા-શાળામાં દાખલ કર્યા. તેમણે જન્મભૂમિમાં જોયેલા રોજિંદા જીવનના વિષયો ઉપર ચિત્રો કર્યાં.

તેમણે ખૂબ જ ઓછી રેખાઓમાં સુથાર, લુહાર, વણકર વગેરે કારીગરવર્ગનાં પાત્રો ચિતર્યાં હતાં. પોતાની કલાની ખોજ તેમણે લોકકલા દ્વારા પૂર્ણ કરી. શ્રી જેમિની રૉયે મંદિરોમાં ભીંતચિત્રો કર્યાં. રંગોળીઓ કરી, માટીનાં રમકડાં પર ચિત્રણ કર્યું. રેખાઓના આરોહ-અવરોહ અને લયયુક્ત રેખાંકનોને ઘણી સંસ્થાઓએ બિરદાવી છે. લલિતકલા અકાદમી દિલ્હીના તેઓ સભ્ય હતા.

શરૂઆતમાં પશ્ચિમી કલાપદ્ધતિથી કામ શરૂ કર્યું. બંગાળની લોકકળાઓમાંથી પ્રેરણા લઈને બનાવેલાં ચિત્રો એ નવી શૈલીનું નિર્માણ કર્યું. ઈ.સ. 1921માં તેમણે રૂપ-કલાનો વિકાસ કર્યો. તે અધિક શક્તિશાળી અને અભિવ્યંજન પૂર્ણ રહ્યો. ઘેરા ઘૂંટેલા રંગોનો ઉપયોગ કરીને પોતાની ભાવસૃષ્ટિને કાગળ ઉપર ઉતારી છે. રંગો માટે નૈસર્ગિક વસ્તુઓનો ઉપયોગ કર્યો. સિંદુરિયો રંગ સિંદુરમાંથી લેતા. રંગીન માટી અને રંગીન પથ્થરના ભૂકાને આંબલીના કચૂકાઓની લાદીમાં ઘૂંટીને બનાવેલા. રંગો તેમજ ભૂખરો રંગ નદીના કાંપમાંથી બનાવી લેતા. તે ઉપરાંત સફેદ રંગ ખડીમાંથી બનાવતા. આ રીતે નૈસર્ગિક રંગોથી નવી કલાસૃષ્ટિનું નિર્માણ કરનાર તેઓ નવોદિત કલાકાર તરીકે ખ્યાતિ પામ્યા.

જે લોકકલાને તેમણે કૂતુહલપૂર્વક માણી હતી. તેનો અંતર-પ્રવાહ તેમનામાં સતત વહ્યા કરતો હતો. તેને તેમણે રંગ-રેખાઓને કાગળ ઉપર ઉપસાવ્યો છે. એમનાં ચિત્રોની વિશિષ્ટતાઓમાં રેખા જાડી જોરદાર અને વેગીલી જોવા મળે છે. મર્યાદિત રંગોમાં પણ તેમણે સરળ અને ભાવવાહી પાત્ર-સૃષ્ટિ ઊભી કરી છે.

એમની કલા-કૃતિઓ દેશ-વિદેશનાં કલા-સંગ્રહાલયોમાં સ્થાન પામ્યા છે. તેમનાં પ્રખ્યાત ચિત્રોમાં ત્રણ-બહેનોનું ચિત્ર, નૃત્યકરતા શ્રી ચૈતન્ય મહાપ્રભુ, ક્રિષ્ન, માતા અને બાળક તથા ગોપી વગેરે છે.

એમનું અવસાન ઈ.સ. 1972માં થયું હતું.



ચિત્રકાર : શ્રી જેમિની રૉય
'નૃત્ય કરતા શ્રી ચૈતન્ય અને વૈષ્ણવો'



ચિત્રકાર : શ્રી જેમિની રૉય
'ક્રિષ્ના'



'માતા અને બાળક'




'માતા અને બાળક'



'શ્રી વુમન'

ચિત્રકાર : શ્રી જેમિની રૉય



ચિત્રકાર : શ્રી જેમિની રૉય

'અશોક વાટિકા'



ચિત્રકાર : શ્રી જેમિની રૉય 'ક્રિષ્ના અને બલરામ'



ચિત્રકાર : શ્રી જેમિની રૉય

# 6 શ્રી જગન્નાથ અહિવાસી (ઈ.સ. 1901થી ઈ.સ. 1973)



શ્રી જગન્નાથ મુરલીધર અહિવાસીનો જન્મ ગોકુળની વ્રજભૂમિની નજીકમાં આવેલ બળદેવ ગામમાં થયો હતો. તેમના પિતા કીર્તનકાર હતા.

ચિત્રકલાના વધારે અભ્યાસ માટે મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં ઉચ્ચ અભ્યાસ માટે દાખલ થયા. અહીં તેમણે પેઇન્ટિંગનો ડિપ્લોમા મેળવ્યો. ફર્સ્ટ ક્લાસ ફસ્ટ આવ્યા તેથી સરકારી સ્કૉલરશિપ મળી. તેમણે મ્યુરલ ડૅકોરેશનનો અભ્યાસ કર્યો. ઈ.સ. 1931માં **શ્રી ગ્લેડસ્ટન સોલોમનની** પ્રેરણાથી તેમણે ભારતીય કલાના વિશિષ્ટ વર્ગોનું સંચાલન કર્યુ અને 'ગ્લેડસ્ટન સોલોમન' ઍવોર્ડ મેળવ્યો.

લલિતકલા અકાદમીએ તેમની પાસે અજંતા, બાઘ, સિતલવાસન અને બદામીનાં ગુફાચિત્રોની પ્રતિકૃતિઓ તૈયાર કરાવી છે. ભારત સરકારે તે માટે સુવર્ણચંદ્રક આપી બહુમાન કર્યું હતું.

તેમણે રાષ્ટ્રપતિ ભવન, ઉત્તરપ્રદેશની વિધાનસભા, દિલ્લીના ગવર્નમેન્ટ હાઉસમાં પોતાની રીતે ચિત્રો બનાવીને ખૂબ યશ, નામના મેળવેલ છે.

એક ઉમદા અધ્યાપક અને કુશળ ચિત્રકાર તરીકે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ તેમનું બહુમાન કર્યું હતું.


ઈ.સ. 1957થી 1966 દરમિયાન બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં કલાવિભાગના અધિષ્ઠાતા હતા. તેઓ ચિત્રકારની સાથે સંગીતકાર, સાહિત્યકાર અને કવિ પણ હતા. તેમની વ્રજ ભાષાનાં કીર્તનોની ભક્તિ તેમનાં ચિત્રોમાં દૃષ્ટિગોચર થાય છે. તેમની કલાશૈલીમાં અજંતાની અસર જોવા મળે છે તથા બંગાળના કલાકારોની રંગ-પ્રસાર શૈલી અને મુંબઈની શૈલી મુજબ તેમનાં ચિત્રોમાં ઓજસ પથરાયેલું છે. જીવનના સામાન્ય પ્રસંગોમાં રહેલી મધુરતાનો આસ્વાદ તેમનાં સર્જનોમાં માણવા મળે છે. જીવન-વ્યવહારમાં જ તેમની કલા ઓતપ્રોત થયેલી છે.

નાજુક અને સૂક્ષ્મ રેખા, આકર્ષક રંગ, સુમેળ અને લયયુક્ત મનુષ્યાકૃતિ એ જગન્નાથ અહિવાસીની આગવી ઓળખ અને કલા છે. તેમની પ્રસિદ્ધ ચિત્ર-કૃતિઓમાં મૈયા મૈં નહી માખન ખાયો, સંદેશ, ચિત્રલેખા, મીરાંનો મેવાડત્યાગ, પિતા-પુત્ર, મહાભારત લેખન જેવાં સર્જનો મુખ્ય ગણાય છે.

એમનું અવસાન ઈ.સ. 1973માં થયું હતું.



ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી ' મૈયા મૈં નહી માખન ખાયો'



ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી

'સંદેશ'




ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી 'નામકરણ'



ચિત્રકાર : શ્રી જગન્નાથ અહિવાસી
'ચિત્રલેખા'

# 7 શ્રી નારાયણ શ્રીધર બેન્દ્રે (ઈ.સ. 1910થી ઈ.સ. 1992)



શ્રી નારાયણ શ્રીધર બેન્દ્ર(એન. એસ. બેન્દ્રે)નો જન્મ ઇન્દોરમાં થયો હતો. શાળાના અભ્યાસકાળથી જ એમને ચિત્ર પ્રત્યે રૂચિ હતી. તેથી તેઓ ઈન્દોરની કલાશાળામાં દાખલ થયા. અહીં તેમને શ્રી દેવલાલીકર જેવા મહાન ચિત્રકારનું માર્ગદર્શન મળ્યું હતું. ઈ.સ. 1933માં મુંબઈની **સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ**માંથી આર્ટ્સનો ડિપ્લોમા મેળવ્યો.

કારકિર્દીની શરૂઆત તેમણે જમ્મુ અને કાશ્મીર રાજ્યના પ્રકાશન ખાતામાં જોડાઈને કરી. અહીંના પ્રાકૃતિક સૌંદર્યથી પ્રભાવિત થયા. ઈ.સ. 1943માં કલાનો અભ્યાસ કરવા કોલકતાની 'શાંતિનિકેતન'માં જોડાયા. અહીં શ્રી નંદલાલ બોઝના માર્ગદર્શન નીચે સુંદર ચિત્રકૃતિઓ તૈયાર કરી. કાશ્મીરમાં રહીને ત્રણ વર્ષમાં ત્રણ હજાર જેટલાં સ્કેચ તૈયાર કર્યા. સૌરાષ્ટ્રનો પ્રવાસ કરીને ગ્રામ્યપાત્રોનાં ચિત્રો તૈયાર કર્યાં. ભારતના પ્રગતિશીલ અને પ્રયોગશીલ કલાકારોમાં તેમનું સ્થાન અગ્રિમ છે.

પ્રાકૃતિક દૃશ્યો અને ગ્રામ્યજીવનની સુવાસ તેમના પાત્ર- નિર્માણમાં જોઈ શકાય છે. રેખા, રંગ અને રૂપ-નિર્માણના અનેકવિધ પ્રયોગો તેમણે કર્યા છે. અમૂર્ત રૂપોમાં તેમણે અનેક પ્રયોગો કર્યા છે. રાજસ્થાની અને કાંગડા જેવી ચિત્રશૈલીઓની રંગરચનાઓ પોતાની આગવી રીતે નિયોજી છે. તેમણે ફ્રેસ્કો, ટેમ્પેરા અને ઈચિંગમાં પણ સિદ્ધિ હાંસલ કરી છે.



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'કાંટો'

ઈ.સ. 1991માં તેમને બૉમ્બે આર્ટ સોસાયટીનો સુવર્ણચંદ્રક અને ઈ.સ. 1941માં આર્ટ સોસાયટી ઑફ ઈન્ડિયાનો સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. આ સિદ્ધહસ્ત કલાકારે વડોદરાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં ડિન તરીકે સેવાઓ આપીને ગુજરાતના અનેક કલાકારોને માર્ગદર્શન આપ્યું. ભારત સરકારે **પદ્મશ્રીનો** ઈલ્કાબ આપીને તેમનું બહુમાન કર્યું હતું. ભારતના નામાંકિત કલાકાર તરીકે તેઓ હંમેશાં યાદ રહેશે.

તેમનાં જાણીતાં ચિત્રોમાં માતા અને બાળક, સ્ત્રીઓ, શ્રી વુમન, કાંટો, કમળ વેચનાર, ગામડાના દેવ, કચ્છનું ભરત-કામ, સૂરજમુખીનાં ફૂલો વગેરે છે. એમનું અવસાન ઈ.સ. 1992માં થયું હતુ.




ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે
'વુમન એન્ડ ગણેશા'



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'માતા અને બાળક'



'બંગાળી સ્ત્રી'



'અનટાઈટલ'

ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'થ્રી વુમન'



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે 'માતા અને બાળક'



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે



ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે કમળ વેચનાર સ્ત્રીઓ

# 8 શ્રી શ્યાવક્ષ ચાવડા (ઈ.સ. 1914થી ઈ.સ. 1990)



શ્રી શ્યાવક્ષ ચાવડાનો જન્મ ઈ.સ. 1914માં ગુજરાત રાજ્યના નવસારી શહેરમાં થયો હતો.

તેમણે કલા-શિક્ષકની તાલીમ મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં લીધી. ઈ.સ. 1935માં તેમણે ઉચ્ચ કલાનો ડિપ્લોમા મેળવીને બીજા વર્ષે રતન ટાટા ટ્રસ્ટની સ્કૉલરશિપ મેળવી. લંડનની ખ્યાતનામ **સ્લેડ સ્કૂલ ઑફ આર્ટ્સ**માં અભ્યાસ કર્યો. ત્યાં તેમણે રેનોલ્ડ સ્નાવે અને વ્લાડીમીર પોલ્યુનીન પાસે કલાનું શિક્ષણ લીધું. અહીં તેમણે ફાઈન આર્ટ્સનો ડિપ્લોમા મેળવ્યો હતો.

ત્યાર પછી પૅરિસની નામાંકિત કલા-અકાદમી દ. બા. ગ્રાન્દ શોમિયોમાં કલાનો અભ્યાસ કર્યો. વિદેશોના પ્રવાસની સાથે ભારતભરની યાત્રાઓ કરી. ઈ.સ. 1948માં આસામના આદિવાસીઓ વચ્ચે રહીને અભિનવ વિષયોમાં કામ કર્યું હતું. ઈ.સ. 1951માં મલાયા, જાકાર્તા, બાલીનો પ્રવાસ કર્યો તેમજ ઈ.સ. 1955માં યુરોપ જઈ આવ્યા. આવા પ્રવાસ દરમિયાન ચિત્ર-સર્જન ચાલુ રાખ્યું.

તેમણે ભારત ઉપરાંત પૅરિસ, લંડન, ઝુરિચ, જાકાર્તા અને સિંગાપોરમાં પોતાનાં પ્રદર્શનો યોજ્યાં. ઈ.સ. 1961માં ન્યૂયૉર્કમાં વન-મૅન શૉ કર્યો. તેમણે ભારતીય સંગીત, નૃત્ય અને શિલ્પની ત્રિવેણી કલા પ્રાપ્ત કરીને પોતાની આગવી ઓળખ, પ્રતિભાઓ તેમણે ઉપસાવી હતી. તેમનાં પત્ની સારાં નૃત્યકાર હતાં તેથી તેમનાં ચિત્રોમાં તેમણે નૃત્યકારની અંગભંગિમા, લય અને ગતિની રજૂઆત સચોટ રીતે આલેખી છે. ગ્રામગૃહિણીની સાદગી, પ્રાણીઓની આકૃતિઓમાં ઓછામાં ઓછી રેખાઓમાં વ્યક્ત કરનાર આ સિદ્ધહસ્ત કલાકારને દુનિયાભરમાં નામના, પ્રશંસા મળી છે. એમનાં ચિત્રોનાં પ્રદર્શનો ભારતમાં અને વિશ્વનાં અનેક શહેરોમાં યોજાયાં છે. તેમના જાણાતા ચિત્રોમાં નર્તકીઓ, રિક્ષાવાળા, પ્રાણીઓ, મદારી, કૂકડાઓ, જાવાના ખૂમચાંવાળાઓ, પૉર્ટસેલર વગેરે જોવાલાયક છે. એમનું અવસાન ઈ.સ. 1990માં થયું હતું.



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'રીધમ'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'નૃત્ય'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'ભરતનાટ્યમ્'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'તાલ'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા 'ડાન્સિંગ વુમન'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા


'ભરતનાટ્યમ્‌ની નૃત્યાંગના'



ચિત્રકાર : શ્રી શ્યાવક્ષ ચાવડા

'મધર એન્ડ ચાઈલ્ડ'

# 9 શ્રી એમ. એફ. હુસૈન (ઈ.સ. 1916થી ઈ.સ. 2011)



શ્રી મકબુલ ફિદા હુસૈનનો જન્મ ઈ.સ. 1916માં મહારાષ્ટ્રમાં સોલાપુરમાં થયો હતો. તેમણે ચિત્રકલાનું જ્ઞાન **ઈન્દોર સ્કૂલ ઑફ આર્ટ્સ**માંથી મેળવ્યું હતું.

તેઓ વ્યક્તિ ચિત્રો બનાવવા માટે સખત પરિશ્રમ કરતા. ક્યારેક ચાલતા તો ક્યારેક સાઇકલ ઉપર ફરતા. આ કલાકારે પોતાની આગવી છટામાં દોરેલાં ચિત્રોએ તેમને વિશ્વવિખ્યાત બનાવ્યા હતા.

મુંબઈમાં જઈને સિનેમાના બોર્ડ ચિતરતા. ચમકદાર રંગો વડે રમકડાં બનાવતા. મેડિકલ કૉલેજમાં જઈ માનવોના શરીરની એનોટોમીનો અભ્યાસ કર્યો. મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં કલાના અધ્યાપક તરીકે જોડાયા.

તેમણે ચિત્રના સર્જનમાં ઉત્તરોત્તર નવાં ક્ષેત્રોનો ઉપયોગ કર્યો. તૈલીરંગો, જળરંગો અને ક્યાંક માત્ર રેખાંકનોમાં પણ સુંદર ચિત્રો બનાવ્યાં છે. તેમણે મૂર્ત-અમૂર્ત ચિત્રો ઉપરાંત પોટ્રેટ્સ અને લૅન્ડસ્કૅપ પણ કર્યાં છે. જાહેર ઈમારતોની દીવાલો ઉપર મોઝેક પદ્ધતિથી ભીંતચિત્રો કર્યાં છે. આ બાબતમાં આકાર અને રંગરચનામાં પોતાની મૌલિકતાઓ સિદ્ધ કરી છે.


ભારતીય મિનિએચર ચિત્રશૈલીના રંગ, રેખાઓને સમકાલીન અને અર્વાચીન શૈલીમાં વાપરીને ભારતીય લોકજીવન અને સંસ્કૃતિનાં પ્રતીકોનો અભ્યાસ કર્યો છે, તેથી તેમનાં ચિત્રો લોકભોગ્ય બન્યાં છે. દોડતાં ઘોડાઓ એ એમનાં ચિત્રોનો મુખ્ય વિષય રહ્યો છે. જાડી, કાળી રેખાઓ દ્વારા આકૃતિને ઉઠાવ આપે છે, જે તેમનાં ચિત્રોની આગવી ઓળખ છે.

શ્રી મકબુલ ફિદા હુસૈનનાં ચિત્રો ભારતમાં અને વિદેશોમાં અનેક શહેરોમાં પ્રદર્શિત થયાં છે. તેઓ લાંબા સમય સુધી ભારતીય લલિતકલા અકાદમીના સભ્ય રહ્યા.

તેમનાં જાણીતાં ચિત્રોમાં મધર ટૅરેસા, વીણા સાથે સરસ્વતી, બુદ્ધ, મૅન ઍન્ડ હૉર્સ, સ્નાન, વુમન એટવર્ક, મૂન, મ્યુઝિશિયન વગેરે ઉલ્લેખનીય છે. ભારત સરકારે તેમને **પદ્મશ્રી**નો ઇલ્કાબ આપીને તેમનું ગૌરવ વધાર્યું છે. એમનું અવસાન ઈ.સ. 2011માં થયું હતું.



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'ટ્રેડિશનલ ઈન્ડીયન ફેસ્ટીવલ'



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન 'ગણેશા'



ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન
'વીણા સાથે સરસ્વતી'



'બુદ્ધ'



'અનટાઈલ'

ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન



'ઘોડા'

ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન



'મધર'

ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન



'અનટાઇટલ'

ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન



'હોર્સ વીથ વુમન'

ચિત્રકાર : શ્રી એમ. એફ. હુસૈન

## સ્વાધ્યાય

**1. મુદ્દાસર જવાબ આપો :**

(1) શ્રી રાજા રવિ વર્માએ શાના આધારે ચિત્રો તૈયાર કર્યાં ?
(2) શ્રી રાજા રવિ વર્માએ કોની-કોની પાસેથી કલાની તાલીમ લીધી ?
(3) શ્રી રવીન્દ્રનાથ ટાગોર શા માટે ભારતીય આધુનિક ચિત્રકલાના ભીષ્મ પિતામહ ગણાય છે ?
(4) શ્રી શ્યાવક્ષ ચાવડાના ચિત્રનાં પ્રદર્શનો ક્યાં-ક્યાં યોજાયાં ?
(5) શ્રી એન. એસ. બેન્દ્રેએ કલાનો અભ્યાસ ક્યાં-ક્યાં કર્યો ?
(6) શ્રી નંદલાલ બોઝે કયાં-ક્યાંની દીવાલો પર ચિત્રો કર્યાં છે ?
(7) શ્રી જેમિની રૉયે પોતાની ભાવ-સૃષ્ટિને કાગળ પર ઉતારવા કયા-કયા રંગોનો ઉપયોગ કર્યો હતો ?
(8) શ્રી જગન્નાથ અહિવાસી ચિત્રકાર ઉપરાંત કઈ-કઈ કલાઓના જાણકાર હતા ?
(9) શ્રી જગન્નાથ અહિવાસીને લલિતકલા અકાદમીએ કઈ-કઈ ગુફાઓની પ્રતિકૃતિઓ કરવાનું કામ સોંપ્યું ?
(10) શ્રી અવનીન્દ્રનાથ ટાગોરે કઈ-કઈ કલાનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો ?

•

